# સામયિક મલ્યાંકન કસોટી

**ધોરણ-૪** **પર્યાવરણ (આસપાસ)** **ઓક્ટોબર, ૨૦૨૦**

**સમય : ૧ કલાક** **કુલ ગુણ: ૨૫**

**(અ.નિ. અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

**અ.નિ.** પોતાનાં અવલોકનો, અનુભવો, વસ્તુઓ અંગેની માહિતી , પ્રવૃત્તિઓ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમ કે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો) અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃત્તિઓ અને અસાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

**પ્રશ્ન- ૧** **નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.**

(૧) રેલવે સ્ટેશન પર કઈ કઈ સુવિધાઓ હોય છે? (૨)

(૨) ટ્રેનના પાટા હોય ત્યાં સડકમાર્ગ પર ફાટક શા માટે બનાવવામાં આવે છે? (૧)

(૩) વાપી થી અમદાવાદ જતી ટ્રેનમાં રસ્તામાં વચ્ચે આવતા શહેરોને ક્રમમાં ગોઠવો. (૧)

વડોદરા, નવસારી, સુરત, વલસાડ

(૪) રેલવે સ્ટેશન પર એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર જવા કઈ સુવિધા હોય છે? (૧)

**અ.નિ.** સાઇનબોર્ડ, પોસ્ટર, નાણું (નોટ/સિક્કા), રેલવે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન-૨** નીચે આપેલ રેલવે સમયપત્રકનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના જવાબ લખો.

**સુવર્ણ જયંતિ રાજધાની એક્ષપ્રેસ**

| ક્રમ | સ્ટેશનનું નામ | પહોચવાનો સમય | ઉપડવાનો સમય | રોકાણ મિનિટમાં | અંતર કિલોમીટર | દિવસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ જં. | - | ૧૭:૪૦ | - | ૦ | ૧ |
| ૨ | મહેસાણા | ૧૮:૪૬ | ૧૮:૪૮ | ૨ | ૭૦ | ૧ |
| ૩ | આબુ રોડ | ૨૦:૪૫ | ૨૦:૫૦ | ૫ | ૧૮૭ | ૧ |
| ૪ | અજમેર જં | ૦૦:૫૫ | ૧:૦૦ | ૫ | ૪૯૨ | ૨ |
| ૫ | જયપુર જં | ૦૨:૫૦ | ૦૩:૦૦ | ૧૦ | ૬૨૭ | ૨ |
| ૬ | ન્યુ દિલ્હી | ૦૭:૩૦ | - | - | ૯૩૫ | ૨ |

(૧) ટ્રેઈનનું નામ શું છે? (૧)

(૨) ટ્રેઈને અમદાવાદ રેલવે સ્ટેશનથી આબુ રોડ પહોંચવા માટે કેટલો સમય લીધો હતો? (૧)

(૩) અજમેરથી ન્યુ દિલ્હીનું અંતર કેટલા કિલોમીટર છે? (૧)

(૪) ટ્રેઈને સૌથી વધારે રોકાણ કયા સ્ટેશન પર કર્યું? (૧)

(૫) ટ્રેઈનને કયા બે સ્ટેશન વચ્ચે સૌથી વધારે સમય લાગ્યો? (૧)

અ.નિ. મોટાં કે નાના સમૂહમાં રહેતાં પ્રાણીઓ (દા.ત. કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતાં પક્ષીઓના વર્ત નોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે કુટુંબમાં થતા ફેરફારોને સમજાવે છે.

**પ્રશ્ન- 3 નીચેના પ્રશ્નના જવાબ લખો.**

(૧) તમારા કુંટુંબના સભ્યોની સંખ્યામાં ફેરફાર થઈ શકે એવાં ચાર કારણો જણાવો. (૨)

(૨) તમારા કુંટુંબમાં છેલ્લે લગ્ન થયા હોય તેમાં વર અને કન્યા બીજા બધાથી કઈ રીતે અલગ પડતા હતા તે જણાવો. (૨)

(૩) ધારો કે તમારા પિતાને નોકરી કે ધંધાના કારણે બહારગામ રહેવા જવાનું થાય તો તમારા ઘરમાં શું બદલાવ આવે? (૧)

અ.નિ. જોયેલ અને અનુભવેલ (શાળા/ પરિવાર/ પડોશની) બાબતો (જેમકે પસંદગી, નિર્ણય, સમસ્યા નિવારણ વગેરે) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ/ મધ્યા હ્ન ભોજન યોજના વગેરેમાં જાતિગત ભેદભાવો, બાળઅધિકારો (જેમ કે શાળાએ જવું, બાળ અપમાન, સજા, બાળમજૂરી વગેરે) અંગે અભિપ્રાય આપે છે.

**પ્રશ્ન- ૪** નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(૧) પહેલાના સમયમાં છોકરીઓને કબડ્ડીની રમતથી શા માટે દૂર રાખતા હશે? (૨)

(૨) લંગડીની રમતમાં તમે દાવ લેવાનું પસંદ કરશો કે દોડવાનું? શા માટે? (૨)

(૩) તમારી શાળામાં રમતમાં કુશળ હોય તેવા કોઈ એક ખેલાડીનું નામ અને તે કઈ રમતમાં કુશળ છે તે જણાવો. (૧)

અ.નિ. અવલોકનક્ષમ લક્ષણો ને આધારે પ્રાણી, પક્ષી, વનસ્પતિ, સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે. [દા.ત. દેખાવ (કાન, વાળ, ચાંચ, દાંત, ચામડી અને શરીરની સપાટી), પ્રાણી (પાલતું, જંગલી), વનસ્પતિ (ફળ, શાક, તેજાના અને બીજાંકુરણનો સમય ), ઉપયોગ (ખાદ્ય, ઔષધિય, સુશોભન, અન્ય અને પુનઃઉપયોગ ) લાક્ષણિકતાઓ (ગંધ, સ્વાદ, ગમો- અણગમો વગેરે)]

**પ્રશ્ન- ૫ નીચેના પ્રશ્નના જવાબ લખો.**

(૧) ત્રણ સુગંધી ફૂલોના નામ આપી તેના ઉપયોગો જણાવો. (3)

(૨) ગુલાબની કળીમાંથી ફૂલ થતા અંદાજે કેટલા દિવસ લાગશે? (૧)

(3) પીળા કલરના બે ફૂલોના નામ આપો. (૧)